# <u>મંત્રવિજ્ઞાન ભાગ – ૨</u>

- **<u>વિનોદ કપાસી</u>**

મંત્રવિજ્ઞાન માત્ર જૈન ધર્મમાં નહીં પણ હિન્દુ ધર્મમાં વેદો, ઉપનિષદોના સમયથી મંત્રસાધના, મંત્રપ્રભાવના ઉલ્લેખો મળી આવે છે. જૈન ધર્મમાં મંત્રવિજ્ઞાન પર આધારિત અનેક પુસ્તકો બહાર પડયાં છે. બુદ્ધધર્મમાં પણ મંત્રનું મહત્વ જોવા મળે છે. તિબેટમાં પણ મંત્ર વિજ્ઞાનનો ઉપયોગ કરતા લોકો જોવા મળે છે. ભારતની સંસ્કૃતિ ભાષાના બધાં સ્વરો અનોખા છે, અલોકિક છે. દરેક સ્વરમાં જુદાં ધ્વનિતરંગો સંભળાય છે અને તે પ્રમાણે તેની અસર પણ થતી રહે છે. એટલું જ નહીં પણ આ ધ્વનિ તરંગનો મંત્ર ઉચ્ચારણ કરવાથી તે મનુષ્યના શરીરને પણ ફાયદો આપે છે. મનુષ્ય માત્ર આ ધ્વનિતરંગો જોડે સંદેશાવ્યવહાર સાધે છે એમ નથી પણ ધ્વનિતરંગો દ્વારા વનસ્પતિ અને અન્ય જીવો પણ વાતચીત કરી શકે છે. જૈન ધર્મના આગમોના બાર અંગમાંથી અગિયારમું અંગ **વિદ્યમાન** છે. તેમાંનું પ્રથમ છે આચારાંગસૂત્ર તેમાં પણ વનસ્પતિ અને જીવજંતુને સંવેદના થાય છે એ વાતનો ઉલ્લેખ કર્યો છે. આજે એકવીસમી સદીમાં પણ જૈન, બુદ્ધ અને હિંદુ ધર્મના આચાર્યો મહર્ષિઓએ જે વાત કરેલી તેને આજે વિજ્ઞાન સાચી સાબિત કરી બતાવે છે અને એ અલૌકિક વાત છે.

હ્+ર્+ઈ+મ્ એ હ્રીંનું સંયોજન થાય છે. તેનો સાચો ઉચ્ચાર કરવાથી જ તે લાભદાયી નીવડે છે. આ રીતે કરેલું સંયોજન અને આ રીતે કરેલા ઉચ્ચારણો જ મહાપ્રભાવશાળી છે એમ ભારતના ઋષિ મુનિઓ કહી ગયાં. શ્રીંને પદ્માવતીમાતાનું બીજ માનવામાં આવે છે. પદ્માવતી માતાના મંત્રમાં ધરણેન્દ્ર અને પદ્માવતીનો ઉલ્લેખ થાય છે. તેઓ ભગવાન પાર્શ્વનાથના સેવક હતા. માત્ર પદ્માવતી મંત્રથી પણ પાશ્વનાથની સેવા કરેલી ગણાય છે માટે તેને ખૂબ ફળદાયી માનવામાં આવે છે. પદ્માવતી બીજને શક્તિબીજ, માયાબીજ અને અગ્નિબીજ પણ કહેવાય છે.

➢ **મંત્રના પ્રકાર :**

**બીજમંત્ર** અને **નામમંત્ર** એમ બે પ્રકારના મંત્રો જોઈ શકાય છે. બીજ મંત્ર ૐ, ह्रीं, અર્હં, નમઃ વગેરે અક્ષરોનું સંયોજન હોય છે. તેમાં નામનો સમાવેશ થતો નથી જ્યારે એકાગ્રતા અને ભક્તિથી જાપ કરવામાં આવે છે, ત્યારે બીજમંત્ર ભક્તોની ઇચ્છાઓને પૂર્ણ કરે છે અને તેમની આસપાસના રક્ષણાત્મક આવરણની જેમ કાર્ય કરે છે. તમામ જોખમો અને શત્રુઓથી રક્ષણ આપે છે. મૂળ આદિકાળ વૈદિક બીજમંત્ર **"ઓમ"** છે. એવું માનવામાં આવે છે કે અન્ય તમામ બીજમંત્રોએ તેમાંથી જન્મ લીધો છે. બીજમંત્રનો પ્રકાર ભગવાન અથવા દેવી સાથે સંકળાયેલો હોય છે જેનો તે અર્થ છે.

➢ **બીજમંત્રના પ્રકારો :**

- **યોગ બીજમંત્ર**
- **તેજો બીજમંત્ર**
- **શાંતિ બીજમંત્ર**
- **રક્ષા બીજમંત્ર**

➢ **ઓમ** : ઓમ બીજ બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ત્રિપુટીનું પ્રતિનિધિત્વ કરે છે. આ મંત્રનો જાપ કરવાથી બધી મનોકામના પૂર્ણ થાય છે.

➢ **ક્રિં** : ક્રિંમ બીજ માતા કાલીનું પ્રતિનિધિત્વ કરે છે. આ મંત્રનો જાપ કરવાથી શક્તિ, ડહાપણ અને શક્તિ મળે છે. તે દુખ દૂર કરે છે અને આત્મવિશ્વાસ પેદા કરે છે.

➢ **શ્રીં** : શ્રીં દેવી મહાલક્ષ્મીનો બીજ મંત્ર છે. આ બીજ મંત્ર શક્તિઓ, સંપત્તિ અને સામાજિક દરજ્જો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

➢ **હૃં** : આ બીજ ભગવાન શિવનું છે અને તમામ ભય, મૃત્યુ, રોગો અને નિરાશા સામે રક્ષણ આપે છે. આ મંત્રનો જાપ કરવાનો અંતિમ લાભ એ મુક્તિની પ્રાપ્તિ છે.

➢ **ડ્રૃં** : એ દેવી દુર્ગાનું બીજ છે. આ મંત્રનો જાપ કરવાથી ભક્તોને શક્તિ મળે છે, શત્રુઓથી રક્ષણ મળે છે અને બધી મનોકામના પૂર્ણ થાય છે.

- **હ્રીં :** આ બીજ ભુવનેશ્વરી દેવીનો મંત્ર છે. આ મંત્ર દુખ દૂર કરવામાં અને એક સાથે જ શિવ અને શક્તિ બંનેના આશીર્વાદ મેળવવામાં મદદ કરે છે.
- **ઐં :** સરસ્વતી દેવીના બીજમંત્ર તરીકે જાણીતા, આ મંત્ર શાણપણ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે અને ભક્તોને હિંમત, વિશ્વાસ, સંદેશાવ્યવહાર અને સારી વાણીથી આશીર્વાદ આપે છે.
- **ગં :** આ ભગવાન ગણપતિનો બીજમંત્ર છે. આનો નિયમિત જાપ કરવાથી ભક્તને ડહાપણ, ભાગ્ય, સુખ અને દૈવી સુરક્ષા મળે છે.
- **ફ્ :** આ બીજ ભગવાન હનુમાનનું છે અને તે હિંમત, શક્તિ, રક્ષણ, ભય દૂર કરે છે અને દુશ્મનોથી રક્ષણ આપે છે. જીવનમાં સર્વાંગી સફળતા માટે લોકો આનો જાપ કરે છે.
- **દ્રમ્:** દ્રમ્ ભગવાન વિષ્ણુનો બીજમંત્ર છે. તે સંપત્તિ, આરોગ્ય, સુખી દાંપત્ય જીવન, વિજય અને જોખમો અને શત્રુઓથી રક્ષણ મેળવવામાં મદદ કરે છે.
- **ભ્રં :** ભગવાન ભૈરવનો આ શક્તિશાળી બીજમંત્ર વિજય, આરોગ્ય, સંપત્તિ, ખ્યાતિ, અદાલતના કેસોમાં સફળતા અને એક ઉચ્ચતમ સામાજિક દરજ્જો આપે છે.
- **ધૂં :** દેવી ધૂમાવતીના બીજમંત્ર તરીકે જાણીતા, આ મંત્ર ભક્તોને શત્રુઓથી સુરક્ષિત કરે છે અને રક્ષકની જેમ કાર્ય કરીને તમામ જોખમોથી બચાવે છે.

- **નામમંત્રો** :

બીજમંત્ર સાથે નામનો ઉચ્ચાર પણ કરવામા આવે છે. આ મંત્રમાં દેવી દેવતાના નામનું ઉચ્ચારણ થાય છે. માટે તેને નામમંત્ર કહેવાય છે. જો કે બંને જ પ્રકારના મંત્રો પ્રભાવશાળી હોય છે. મંત્રનો ઉચ્ચાર કરવાથી તો લાભ થાય જ છે, પણ તેને સાંભળવાથી પણ લાભ થાય છે. જે ક્ષેત્રમાં મંત્રો સંભળાય છે તે શુદ્ધ મંગલમય બને છે. તે ક્ષેત્રમાં મંત્રોના ઉચ્ચારણથી ઉદ્દભવતા ધ્વનિતરંગોનું કંપન પ્રસરે છે અને જે તે સમસ્યાનું નિવારણ થાય છે.

જૈન ધર્મમાં રક્ષાપોટલી બાંધતી વખતે બોલાતા મંત્રમાં **"વૌક્ષક"** અને **"ફૂડ"** એવા શબ્દોનું ઉચ્ચારણ થાય છે. તે પુલ્લિંગ મંત્રો છે. મંત્રોમાં મુખ્યત્વે ૐ-સેતુ, હ્રીં- વિદ્યા, નમઃ-

પલ્લવ એમ માનવામાં આવે છે. ઋષિમંડળસૂત્રમાં હ્રીંનો મહિમા ખૂબ સુંદર રીતે વર્ણવેલો છે. હ્રીંમાં ચોવીસ તીર્થંકર દર્શાવવામાં આવ્યા છે. તેમાં જૂદાં વર્ણો અને જુદાં રંગો પણ વર્ણવવામાં આવ્યા છે. પ્રાકૃત ભાષામાં ગોળાકારનો નાદ- જે શ્વેત રંગનો છે, તે બે તીર્થંકરોને દર્શાવે છે, બીંદુ- શ્યામ રંગનો બીજા બે તીર્થંકરોને દર્શાવે છે, અર્ધચંદ્ર- રક્તવર્ણ લાલ રંગનો તે બીજા બે તીર્થંકરોને દર્શાવે છે, મોટો ઈ- નીલા રંગનો આ બીજા બે તીર્થંકરોનો દર્શાવે છે. આમ બચેલાં સોળ તીર્થંકર બાકીના રંગોમાં સમાવેશ થાય છે. આમાં હ્ અને ર્ એ બંને સુવર્ણ રંગમાં દર્શાવાઈ છે.

જૈન ધર્મમાં મંત્રનો મહિમા ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. એમ કહેવાય છે કે જે પાશ્વર્નાથ ભગવાનના પુલિંગ મંત્રને માત્ર કંઠમાં ધારણ કરે તેને કંઠસ્થ કરે તેનાથી પણ ઉપદ્રવો બધા નાશ પામે છે. શંકરાચાર્યએ પાર્વતીની એક સ્તુતિમાં લખ્યું છે કે તંત્ર-મંત્ર નથી આવડતા પણ જે તારણહારની ક્લેશનો નાશ કરનાર માતા પાર્વતી છે, તેના શરણને જ જાણે છે. ત્યારબાદ નમીયોણસૂત્રમાંના પાંચમાં નવસ્મરણમાં અઢાર અક્ષરનો મંત્ર જોવા મળે છે. અજિતશાંતિસૂત્રની ત્રીજી ગાથામાં મંત્રનું સ્વરૂપ જોવા મળે છે.

➢ **કયા કયા વિદ્વાનોએ મંત્રોની રચના અને સ્થાપના કરી?**

- ગૌતમ બુધ્ધ સ્વામીએ જૈન સાધનાના બળથી અને તપની સિધ્ધિ પ્રાપ્ત કરી મંત્રોની રચના કરી હતી. તેમની સિદ્ધિ એટલી બધી પ્રબળ હતી કે તેઓ સૂર્યકિરણથી પહાડ ચડ્યા હતા.
- પાદ્‌લિપ્તસૂરિ જે પગે લેપ કરતા હતા અને જુદી જુદી વનસ્પતિઓ પર પ્રયોગ કરી તેઓ પોતે લેપ બનાવી મંત્રનો ઉચ્ચાર કરી તે વ્યાધિ દૂર કરતા હતા. તેમને આકાશગામીની વિદ્યા પ્રાપ્ત થઈ.
- માનતુંગસૂરિએ પ્રખ્યાત જૈન પ્રાર્થના, ભક્તાંબર સ્તોત્રના સંગીતકાર હતા. રાજા ભોજના શાહી દરબારમાં હાજર રહેવાના આદેશોનું પાલન ન કરવા બદલ જ્યારે તેમને જેલમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો ત્યારે આચાર્ય માનતુંગે ભક્તામર સ્તોત્રની

રચના કરી હોવાનું કહેવાય છે. તેમને સાંકળો અને તાળાઓ હેઠળ જેલમાં રાખવામાં આવ્યા હતા, અને ભક્તામર સ્તોત્રના જાપ કરવાથી તમામ ૪૮ તાળાઓ તૂટી ગયા હતા અને આચાર્ય મનતુંગ ચમત્કારિક રીતે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જેલની બહાર આવ્યા હતા.

- ૧૪૪૪ ગ્રંથો/ગાથાના રચયિતા હરિભદ્રસૂરિએ પણ યોગદ્રષ્ટિસમુચ્ચયમાં યોગ તથા ધ્યાનના મંત્રોની વાત કહી છે.
- બપ્પભટ્ટ સૂરિએ સારસ્વત મંત્રનો જાપ કરી સરસ્વતી માતાને પ્રસન્ન કર્યા હતા.
- ઉપનિષદના શાંતિ મંત્રમાં પણ બધે જ શાંતિ પ્રસરાવવાની વાત કહી છે. શાન્તિનાં બે પ્રકાર જોવા મળે છે. **બૃહદ શાંતિ અને લઘુ શાંતિ** બૃહદશાંતિમાં પાણી, વાયુ, આકાશ, વાતાવરણ વગેરેની શાંતિ જોવા મળે છે.

ભારતમાં જૈન ધર્મના સંશોધન ભારતીયોએ તો કર્યા જ છે. પરંતુ બ્રિટિશ સરકારના સમયે બ્રિટિશ શાસકોએ પણ જૈન ધર્મનો અભ્યાસ કરી સંશોધનો કર્યાં છે. બેશક બ્રિટિશોએ ભારત પર શાસન કર્યું પરંતુ કેટલાંક બ્રિટિશોને ભારતની સંસ્કૃતિમાં ખરેખર રસ હતો. તેની યાદી નીચે પ્રમાણે છે.

- **૧૭૬૦માં હર્મન જેકોબિ અને ઑલબ્રોકે ૧૭૬૫માં સૌપ્રથમ જૈન ધર્મનો અભ્યાસ કર્યો.**
- **૧૮૬૦માં વિહલસને જૈન ધર્મનો અભ્યાસ કર્યો.**
- **૧૮૪૭માં ઑટોબોટલીકે ચિંતામણી ગ્રંથનો અનુવાદ જર્મન ભાષામાં કર્યો.**
- **૧૮૪૮માં સ્ટીવનસને નવતત્વો અને કલ્પસૂત્રનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો.**
- **૧૮૫૮માં વેબરે શત્રુંજય વિશે લખ્યું.**

આજે એકવીસમી સદીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું ખૂબ મુશ્કેલ છે. પણ મંત્રનો ચયન કરવાથી માત્ર પણ લાભ મળે છે. પૂજય આચાર્ય તો વર્ષોથી કહેતા આવ્યા છે કે, જૈન ધર્મ અલૌકિક છે. પરંતુ બ્રિટિશરોએ, વિદેશીઓએ પણ જૈનધર્મની મહત્વતા જાણીને તેને પ્રાધાન્ય આપ્યું છે અને તેને અલૌકિક ગણાવ્યો છે. જે દેશોએ જૈન ધર્મનો અભ્યાસ કર્યો તેમણે જૈન

ધર્મની જૂની હસ્તપ્રતો, લખાણો, બધું પોતાના દેશમાં લઈ જઈને રાખ્યું છે તે શા માટે? કારણ કે તેમને જૈન ધર્મનું મહત્વ ખબર છે. જૈન ધર્મમાં મુખ્ય ભારતનો હોવા છતાં કેટલીક કામગાર માહિતી આજે વિદેશોમાં સંગ્રહાયેલી છે અને તે લોકો તેનો અલબત્ત મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

***************************

JAIN SAHITYA ACADEMY TRUST